ગાંધીનગર સમાચાર




**પાટીદાર અનામત મહારેલી :**

ગાંધીનગર - મહેસાણા જિલ્લાની મધ્યમાં આવેલ ગોઝારીયા ગામે પાટીદાર અનામત મહારેલીનું આયોજન કરાયું હતું. જિલ્લા કક્ષાએ ચાલતું આંદોલન હવે તાલુકા અને ગ્રામ કક્ષા સુધી પહોંચ્યું છે. અનામતની આગ ધીમે ધીમે રાજ્યભરમાં પ્રસરી રહી છે. (તસવીર : દિપક જાની)

# દશામાના વ્રત દરમિયાન લેભાગુ ભૂમ ભુવાઓથી ચેતવા જાથાનો અનુરોધ

## છેલ્લા ૧૩ વર્ષમાં જાથાએ ૧૫૨૫ મહિલાઓને ધૂણતી બંધ કરાવી, ૫૩૫ ભૂઈમાઓનો પર્દાફાશ કર્યો છે : મૂર્તિઓ પધરાવી નદી-તળાવ-ડેમ પ્રદૂષિત ના કરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૧૧

રાજકોટ ખાતે આવેલ ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થા દ્વારા દશામાના વ્રત દરમ્યાન ભોળી ધાર્મિક જનતાને તકસાધુ ભૂઈ-ભૂવા અને લેભાગુઓ દ્વારા ખોટા ચમત્કારો દર્શાવી લૂંટવામાં આવે છે તે બાબતે જાગૃત થવા અપીલ કરવામાં આવી છે. છેલ્લા તેર વર્ષમાં જાથા દ્વારા કુલ ૧૫૨૫ મહિલાઓને ધૂણતી બંધ કરી ૫૩૫ ભૂઈમાંનો પર્દાફાશ કરવામાં આવ્યો છે.

જાથા સંસ્થાના જણાવ્યા અનુસાર દશામાના વ્રત દરમ્યાન અમુક ભૂઈ, ભૂવાઓ, લેભાગુઓ, તકસાધુઓ વગેરે દ્વારા હાથ-પગ, મોંમાથી કંકુ કાઢવુ, કંકુ પગલા થવા, મૂર્તિ-સાંઢણીનું દૂધ-પાણી પીવુ, માતાજીની મૂર્તિ કે ધાર્મિક સ્થાન, ઘરમાં પૂજન દરમ્યાન આશ્ચર્યકારક ઘટનાઓ બનવી, સ્વપ્નુ આવવુ પછી વસ્તુની કળવી, શાકભાજી, ફળમાં ચમત્કાર, જમીનમાંથી મૂર્તિ નીકળવી વગેરે જાત જાતના પ્રયોગો દ્વારા પોતાના લેભાગુ સાગરિતોની મદદથી છેતરપીંડીના કૃત્યો કરવામાં આવે છે. આ ઉપરાંત બનાવટી અતાર્કિક, અવાસ્તવિક ચમત્કારોની સીડી, કેસેટો, પત્રિકાઓ, પુસ્તિકાઓ, ફિલ્મો વગેરે બનાવી, દર્શાવી તેના વેચાણ થકી ગરીબ પ્રજાને અંધશ્રદ્ધામાં ભરમાવી પછાત રાખવાનું કામ કરે છે અને લાખોની કમાણી કરવામાં આવે છે. જાથા દ્વારા જાગૃત નાગિરકોની મદદથી આ પ્રકારના ધતિંગના પર્દાફાશ કરવામાં આવે છે અને શ્રદ્ધાળુઓની ભક્તિ-આસ્થાનો દુરૂપયોગ થતો અટકાવવા પ્રયત્ન કરાય છે.

જાથા દ્વારા આ પ્રકારના કાર્યો સામે કાર્યવાહી કરવામાં આવે છે. જે સંયમપૂર્વક અને ન્યાય સુસંગત રીતે કાયદેસરની હોય છે. જાથાના નામે લેભાગુઓ સામે સાવચેત રહેવા પણ જણાવાયું છે. આ સાથે જાથા દ્વારા શ્રદ્ધાળુઓને મૂર્તિઓ પીવાના પાણીના સંગ્રહાલયો જેવા કે ડેમ, ચેકડેમ, નદી-નાળા, તળાવ, નહેર વગેરેમાં પધરાવી પ્રદૂષિત ના કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

## થલતેજ સિંધુ ભવન ખાતે કમકમાટીભર્યો બનાવ

અમદાવાદ, તા.૧૧

શહેરમાં દિવસે દિવસે અકસ્માતોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. બેફામ અને ગફલતભરી રીતે લોકો વાહન ચલાવી અકસ્માત સર્જી લોકોની જિંદગી છીનવી લે છે. શહેરના થલતેજ વિસ્તારમાં સિંધુ ભવન નજીક રોડ પર સુતેલા બે મજૂરોને ડમ્પર ચાલકે ડમ્પર રિવર્સ લેતાં કચડી નાખ્યા હતા. બંને મજૂરનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. અકસ્માત બાદ ડમ્પર ચાલક ત્યાંથી ફરાર થઈ ગયો હતો. થલતેજ સિંધુ ભવન નજીક આરસીસી રોડ નાખવાનું કામકાજ ચાલી રહ્યું છે. ગઈ કાલે રાત્રે આ રોડનું કામકાજ ચાલી રહ્યું હતું. વહેલી સવારે ૪-૩૦ વાગ્યા સુધી રોડ બનાવવાનું કામકાજ કર્યા બાદ ત્યાં કામ કરતા મજૂર અમૃતભાઈ વીરસીંગ ગરાસિયા (ઉ.વ.૨૦) અને સુખલાલ લક્ષ્ણભાઈ સુરજી (ઉ.વ.૨૧) ત્યાં રોડ પર સૂઈ ગયા હતા. દરમિયાનમાં આ રોડના કામકાજ માટે જ એક ડમ્પર સિમેન્ટ અને કપચી ભરીને આવ્યું હતું. ડમ્પર ચાલકે પાછળ જોયા વગર જ ડમ્પરને રિવર્સમાં લેતાં રોડ પર સૂઈ રહેલા બંને મજૂર ડમ્પરના પાછલા વ્હિલમાં આવી જતાં બંનેના ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં.

# યુનિવર્સિટી સપ્તાહમાં બધા પરિણામ જાહેર કરે તેવી વકી

## વિવિધ ફેકલ્ટીઓની પરીક્ષા પૈકી ૧૦ ફેકલ્ટીના પરિણામ હજુ જાહેર કરાયા નથી : વિદ્યાર્થીઓ ભારે પરેશાન દેખાયા

અમદાવાદ, તા.૧૧

ગુજરાત યુનિવર્સિટી દ્વારા એપ્રિલ-મે-૨૦૧૫માં લેવાયેલી વિવિધ ફેકલ્ટીઓની પરીક્ષા પૈકીની દસ જેટલી ફેકલ્ટીના પરિણામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યા નથી. જેના કારણે વિદ્યાર્થીઓ ભારે પરેશાનીનો સામનો કરી રહ્યા છે. આ મામલે યુનિવર્સિટીની લાપરવાહી સામે વિદ્યાર્થીઓમાં નારાજગી પ્રસરી છે. ત્યારે ગુજરાત યુનિવર્સિટી દ્વારા આજે બીએ સેમેસ્ટર-૨નું પરીણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. તેમજ સત્તાધીશો દ્વારા આગામી એક સપ્તાહમાં બાકી તમામ પરિણામો જાહેર કરી દેવાની ખાત્રી આપવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગત એપ્રિલ-મે-૨૦૧૫માં વિવિધ ફેકલ્ટીઓની પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષા લેવામાં આવ્યાને આજે ત્રણ માસ જેટલો સમય વીતી ગયો હોવા છતાં યુનિવર્સિટી દ્વારા બી.કોમ, બી એસ સી અને બીસીએના સેમેસ્ટર-૨, એમ એ, એમ કોમ, સેમેસ્ટર-૨ તેમજ એલએલ એમ સેમેસ્ટર-૨ અને ૪ સહિત કુલ દસ જેટલી ફેકલ્ટીનાુ પરીણામો એક યા બીજા કારણસર હજુ સુધી જાહેર થયા નથી. પરિણામ જાહેર ન થવાના કારણે વિદ્યાર્થીઓ પરેશાનીનો સામનો કરી રહ્યા છે. આ અંગે યુનિવર્સિટીનાં સુત્રોના જણાવ્યા મુજબ યુનિવર્સિટીને હજુ સુધી આ ફેકલ્ટીઓનું પરિણામ તૈયાર કરતી કમ્પ્યુટર એજન્સી પાસેથી ડેટા આપવામાં આવ્યો નથી. જેના કારણે આ પરિણામ જાહેર થવામાં વિલંબ થયો છે.

દરમિયાન યુનિવર્સિટીનાં પરીક્ષા નિયામક દશરથ પટેલે જણાવ્યું હતું કે, યુનિવર્સિટીના પરીણામ તૈયાર કરતી કમ્પ્યુટર એજન્સી સામે તપાસ ચાલતી હોવાના કારણે પોલીસ દ્વારા તેની ઓફિસમાં સીલ મારવામાં આવ્યા હતા. જેના કારણે એજન્સી દ્વારા પરિણામના ડેટા તૈયાર થવામાં વિલંબ થયો હતો. હવે સીલ ખુલી ગયાં છે અને એજન્સી દ્વારા ડેટાની સીડી મળી ગઈ છે. જેનાં પગલે બીએનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે. જ્યારે બાકી રહેલી તમામ ફેકલ્ટીનાં પરીણામો એક સપ્તાહમાં જાહેર થઈ જશે.

## ... તો બક્ષીપંચ સમાજ ઉગ્ર લડત આપશે : પછાત વર્ગ વિકાસ મંચ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત પછાત વર્ગ વિકાસ મંચના કન્વીનર હરિભાઈ ચૌધરી અને સંયોજક જી. કે. પ્રજાપતિએ સંયુક્ત રીતે જણાવ્યું છે કે, બક્ષીપંચ સમાજના ૨૭ ટકા અનામતના હક્ક પર તરાપ મારવાની કોશિષ કરાશે તો નાછૂટકે બક્ષી અને માંડલ પંચ કોમ સંઘર્ષ સમિતિ દ્વારા લડત આપવાની ફરજ પડશે.

અનામત મામલે સમગ્ર ગુજરાતમાં ફરીથી એક વખત માંગણીઓનો દોર વધ્યો છે. દરેક જ્ઞાતિ સમાજને માંગણી કરવાનો હક્ક છે. પરંતુ પછાત વર્ગ ખાસ કરીને બક્ષીપંચ સમાજને અપાયેલ ૨૭ ટકા અનામતમાં જો કોઈપણ ફેરફાર કરાશે તો ગુજરાતના બક્ષીપંચની ૩૬ જ્ઞાતિઓ ભારે લડત આપશે.

સંઘર્ષ સમિતિના જી. કે. પ્રજાપતિ અને શ્રી હરિભાઈ ચૌધરીએ જણાવ્યું કે, તાજેતરમાં સંઘર્ષ સમિતિની મળેલી બેઠકમાં સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી લડત માટે તૈયાર થવા અનુરોધ કર્યો હતો.

## ક્વિક-ઈ તેની મોબાઈલ રિપેર સર્વિસીસનો વ્યાપ પ્રથમ કક્ષાનાં શહેરોમાં વિસ્તારશે

ભારતની પ્રથમ પ્રિમિયમ મોબાઈલ રિપેર સર્વિસીસ બ્રાન્ડ ક્વિક-ઈ દ્વારા આજે જાહેરાત કરવામાં આવી છે કે તે તેની કામગીરી આગામી ૬ માસમાં ભારતનાં પ્રથમ વર્ગનાં શહેરોમાં વિસ્તારશે. અમદાવાદ અને ગાંધીનગરમાં છેલ્લા એક વર્ષથી હાથ ધરાયેલા સફળ પાયલટ પ્રોજેક્ટના પરિણામ સ્વરૂપ આ જાહેરાત કરવામાં આવી છે. ક્વિક-ઈ એ અમદાવાદની ઈ-સર્વિસ ટેકનોલોજી કંપની કમટિક સર્વિસીસ પ્રા. લિમિટેડ દ્વારા પ્રમોટ કરાયેલી મોબાઈલ રિપેર સર્વિસ બ્રાન્ડ છે, જેને શ્રી અરૂણ હતંગડી, શ્રી કૃણાલ શાહ અને ઈલેક્ટ્રોનિક ક્ષેત્રે ભારતીય સાહસોને ભંડોળ પુરૂ પાડતી ઓસ્ટ્રેલિયન કંપની પેરીલીંચસ ઈન્વેસ્ટમેન્ટ દ્વારા પ્રમોટ કરવામાં આવી છે.

ક્વિક-ઈના વિસ્તરણ આયોજનો અંગે વિગત આપતાં કમટિકના ડિરેક્ટર શ્રી અરૂણ હતંગડી જણાવે છે કે 'બજારમાં હલચલ મચાવ્યા પછી ક્વિક-ઈ હવે બજારની માંગ અનુસાર તેની પ્રોડક્ટસની સંપૂર્ણ રેન્જ રજૂ કરી રહી છે. ટ્રાઈના અંદાજ મુજબ ભારતમાં ૯૫ કરોડ મોબાઈલ ગ્રાહકો છે અને તેમાંથી ૬.૬ કરોડ ગુજરાતમાં છે. ગાર્ટનરના જણાવ્યા પ્રમાણે ભારતમાં દર મહિને ૨.૪ કરોડ હેન્ડસેટ વેચાય છે.

## ચૌધરી મહિલા કોલેજમાં એરલાઈન્સ એજયુકેશન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં તાજેતરમાં વોકેશનલ ગાઈડન્સ એન્ડ પ્લેસમેન્ટ સેલ દ્વારા એરલાઈન્સ એજયુકેશન ઈન્ડસ્ટ્રીઝના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું આ સેમિનારમાં એરલાઈન્સ વ્યવસાયમાં તકો અંગે માહિતી આપવામાં આવી હતી. સેમિનારમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સેમિનારને સફળ બનાવવા કોલેજના આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ સહયોગ આપ્યો હતો તેમજ સેમિનારનું સંચાલન પ્રા. તારાબેન દેસાઈ અને પ્રા. નરેન્દ્રભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## મેઘરજમાં ફોજીના મકાનમાંથી બંદૂકની ચોરી કરી તસ્કરો પલાયન

મોડાસા, તા. ૧૧

મેઘરજમાં આવેલી અરવલ્લી સોસાયટીના રહેણાંક મકાનમાં ફોજીના ઘરે મોડી રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા અને ઘરમાં રહેલ ભારતીય બનાવટની બારબોર બંદૂક અને મોબાઈલ મળી ૧૫ હજારની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર મેઘરજ ખાતેની અરવલ્લી સોસાયટીમાં રહેતા બાબુભાઈ ડામોર હિમાચલ પ્રદેશ ખાતે આર્મીમાં ફરજ બજાવે છે. દરમિયાન થોડા સમય પહેલા જ નોકરીમાંથી રજા લઈ ઘરે આવ્યા હતા. ત્યારે વીકએન્ડની રજાના લીધે બાબુભાઈ પરિવાર સાથે બહારગામ ગયા હતા. બંધ મકાનનો લાભ લઈ રાત્રીના સમયે કેટલાક તસ્કરો ફોજીના ઘરે ત્રાટક્યા હતા અને ઘરના તાળા તોડી અંદર પ્રવેશ કરી આર્મી જવાનની રૂ. ૧૫ હજારની કિંમતની બાર બોરની ભારતીય બનાવટની બંદૂકની ચોરી કરી પલાયન થઈ ગયા હતા.

ઉપરાંત અન્ય એક મકાન અને ગેસ એજન્સીની ઓફિસમાં પણ તસ્કરોએ હાથફેરો કર્યો હતો. આ ચોરીના બનાવ અંગે ફરિયાદ બાબુભાઈ ડામોરે મેઘરજ પોલીસ મથકમાં નોંધાવી હતી. જે અંગે પી.એસ.આઈ. મોડીયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## મજરા પોલીસ ચોકી ચાર પાઇની દુકાન બની



**પ્રજાના હિત માટે બનેલ પોલીસ ચોકીમાં ખંભાતી તાળા**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના નેશનલ હાઈવે આઠ મજરા ચોકડી ઉપર બનાવેલ પોલીસ ચોકી છેલ્લા કેટલાય સમયથી બંધ રહેતા ચાર પાઈની (ખાટલા)ની દુકાનમાં ફેરવાઈ ગઈ. પ્રાંતિજ નજીક નેશનલ હાઈવે આઠ પાસે આવેલ મજરા ચોકડી ઉપર પ્રજાનાહિત માટે અને હાઈવે ઉપર વધતાં જતાં ક્રાઈમને રોકવાના સારાં આશયથી તથા આજુબાજુ ગ્રામજનોને પોલીસની સેવા ઝડપથી મળી રહે તે આશયથી મજરા ત્રણ રસ્તા પાસે બનાવાયેલ પોલીસ ચોકી હાલ તો છેલ્લા કેટલાય સમયથી ખંભાતી તાળા રહેતા ચાર પાઈના વેપારી દ્વારા જાણે પોલીસ ચોકી ઉપર કબજો જમાવીને બેઠો હોય તેવું જણાઈ આવે છે ત્યારે હાઈવે ઉપર વધતાં જતાં ક્રાઈમને રોકવા માટે બનાવેલ પોલીસ ચોકી હાલ તો ચાર પાઈની દુકાનમાં ફેરવાઈ ગઈ છે અને જેની જવાબદારી છે તે તંત્ર જાણે ઘોર નિંદ્રામાં હોય તેવું લાગી રહ્યું છે. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## ગુજરાતને અન્યાય...

● ત્રીજા પાનાનું ચાલુ

તેને રોકવાની કોશિષ કરવી તેવું કહ્યું હતું. હકીકતમાં તો આવા બધામાં ભાજપના જ આગેવાનો સંડોવાયેલા હોય છે. ગુજરાતમાં પણ દારૂના અડ્ડાઓ ચલાવનારા અસામાજિક તત્વોને ભાજપના લોકો જ આંખ આડા કાન કરી મદદ કરતા રહે છે. કોંગ્રેસની મહિલાઓએ જનતા રેડ કરી ત્યાં દારૂના અડ્ડા, ભઠ્ઠીઓ પકડાઈ છે, પરંતુ ગાંધીનગરમાં મંત્રીમંડળના નિવાસસ્થાનની છાયામાં આવો ગૃહ ઉદ્યોગ ધમધોકાર ચાલતો હોય, તો તેને રોકવો જોઈએ. ભાજપ અને સરકારી તંત્રની મહેરબાની સિવાય આવા ધંધા ચાલી શકે નહી. રોજબરોજ લાખો રૂપિયાનો દારૂ પકડાય છે. ગૌમાંસ તેમજ ગાયોની કતલ થતી પકડાય છે. બંને માટે કાયદાની પાબંધી હોવા છતાં આ બધુ ચાલતુ હોવા છતાં સરકારની આંખ ઉઘડતી નથી. નશામાં ગુજરાતની નવી પેઢી ખતમ થઈ રહી છે ત્યારે આ જનતા રેડ કરીને એક પ્રતિક તરીકે સરકારની આંખ ઉઘાડવાનો પ્રયત્ન કર્યો છે. વિશ્વ હિન્દુ પરિષદે કલોલમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ખાડે ગઈ છે તેમજ મહિલાઓ સલામત નથી તે વિષયે આપેલ આવેદનપત્ર અંગે પ્રતિક્રિયા આપતાં શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે, આ કોઈ એક સમાજની બહેનનો સવાલ નથી, આખા ગુજરાતમાં કોઈ બહેન સલામત નથી. આજે બહાર નીકળે તો ગળામાંથી દોરા ખેંચાઈ જાય છે, બાળકોનું અપહરણ ક્યારે થઈ જશે તેની મા-બાપને ચિંતા રહે છે. આજે જુવાન બહેન-દીકરીઓની કોઈની સલામતી રહી નથી. તેમના બળાત્કાર થાય છે, આ બહુ મોટો પ્રશ્ન છે.

## ભારતીયોનો ડંકો

● અનુસંધાન પહેલાનું ચાલુ

સાયન્સમાં એમએસસી તેમજ વોર્ટન સ્કૂલમાંથી એમબીએ થયેલા ૪૩ વર્ષીય પિચાઈ આ અગાઉ ગુગલના ઈન્ટરનેટ કારોબારના પ્રોડક્ટ અને ટેકનોલોજીના પ્રભારી તરીકે હતા. તેઓ ગુગલના વર્ષ ૨૦૦૪માં નાયબ અધ્યક્ષ તરીકે સામેલ થયા હતા. તેઓએ ગુગલના ક્રોમ બ્રાઉઝર, ઓપરેટિંગ સિસ્ટમ ઉપર કામ કરનાર ટીમનું નેતૃત્વ કર્યુ હતું. માઈક્રોસોફ્ટના સીઈઓ સત્ય નાડેલા, ગુગલના કારોબારી ચેરમેન એક અસ્મિત અને ટેકનોલોજી ક્ષેત્રના અન્ય કારોબારીઓ સીઈઓના નવી જવાબદારી સંભળાવ બદલ સુંદર પિચાઈને આજે અભિનંદન આપ્યા હતા. ગુગલ દ્વારા ૪૪ વર્ષીય સુંદરની સીઈઓ બનવાની જાહેરાત કરી હતી ત્યારબાદ વિશ્વની ટોપ સોફ્ટવેર કંપનીમાં ભારતીય મૂળના લોકોનું પ્રભુત્વ વધુ વધ્યું છે. આ અગાઉ માઈક્રોસોફ્ટના ભારતીય મૂળના સત્ય નાડેલાને કંપની હેડની જવાબદારી અપાઈ હતી. પિચાઈ ઉપરાંત ગુગલમાં કામ કરનારમાં અમિત સિંઘલ, સલર કમંગર, શ્રીધર રામાસ્વામી બીજા ટોપના ભારતીયો છે.

## પ્રથમ ટેસ્ટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૯૯૩માં ભારતે છેલ્લી વખત ૧-૦થી ટેસ્ટ શ્રેણી જીતી હતી જે શ્રીલંકામાં એક માત્ર ટેસ્ટ શ્રેણી જીત હતી. ત્યારબાદથી પરિણામો આવ્યા નથી. ત્યારબાદથી જે ટેસ્ટ શ્રેણી રમાઈ છે જેમાં મોટાભાગે શ્રેણી ડ્રોમાં રહી છે. ૨૦૧૦

બાદથી ઘરઆંગણે ટેસ્ટ શ્રેણીમાં ૩-૩નો રેકોર્ડ રહ્યો છે. શ્રીલંકાનો ઘરઆંગણે દેખાવ ખુબ શાનદાર રહ્યો છે. શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણીને ધ્યાનમાં લઈને ભારતીય પસંદગીકારોએ મજબૂત સ્પીન વિભાગને મહત્વ આપ્યું છે.કારણ કે શ્રીલંકામાં પીચ સ્પીનરોને વધુ મદદ કરે છે. અમિત મિશ્રાની આશ્ચર્યજનક પસંદગી કરવામાં આવ્યા બાદ તે શાનદાર દેખાવ કરવા માટે તૈયાર છે. ૩૨ વર્ષીય મિશ્રા ચાર વર્ષના ગાળા બાદ વાપસી કરી શક્યો છે. રવિચંદ્ર અશ્વિન અને હરભજનની સાથે શક્તિશાળી સ્પીન એટેક સાથે ભારત મેદાનમાં ઉતરી શકે છે. ભારતીય ટીમમાં પીઢ ખેલાડી હરભજનસિહં, ઝડપી બોલર ઈશાંત શર્મા અને અમિત મિશ્રાની વાપસી કરવામાં આવ્યા બાદ ત્રણેય બોલર શાનદાર દેખાવ કરવા સજ્જ છે. ભારતીય ટીમે હાલમાં રહાણેના નેતૃત્વમાં ઝિમ્બાબવે સામે સારો દેખાવ કર્યો હતો અને વનડે શ્રેણી ૩-૦થી જીતી લીધી હતી. જો કે ટ્વેન્ટી -૨૦ શ્રેણી બરોબર રહી હતી. બન્ને દેશો લૉંબા સમય બાદ મેદાનમાં ઉતરી રહ્યા છે. જેથી બન્ને ટીમોના સ્ટાર ખેલાડી પર નજર રહેશે. ભારત તરફથી રોહિત શર્મા, શિખર ધવન, મુરલી વિજય અને વિરાટ કોહલી પર તમામની નજર કેન્દ્રિત રહેશે.શ્રીલંકાના મેદાન પર ભારતની કસોટી પણ થનાર છે.

## નોખી પદ્ધતિએ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરાયા ત્યારે શિક્ષકનો જીવ મુખ્યમંત્રીમાં જાગી ઉઠ્યો હતો અને તેમણે બાળકો અને વીણાબેન સાથે આ મુદ્દે વાતો કરી હતી તેમજ પોષ્ટર સાથે ફોટો ખાસ પડાવ્યો હતો.

તેમણે તેમના પ્રવચનમાં આ બધી વાતોનો ઉલ્લેખ કરી જણાવ્યુ કે નાના ભૂલકાઓ આંગણવાડીમાં છે તેમને કપડાંની જરૂર પડે ને વાત ધ્યાને આપી છે એટલુ જ નહિ શીરો ખવડાવવો હોય તો ઘી પણ જોઈએ અને ખાંડ પણ જોઈએ આ સ્વાગતે મારૂ મન હળવુ કરી દીધુ છે એટલું જ નહિ મને નવી દિશા આપી છે.

કડી સર્વ વિદ્યાલયના પોસ્ટર્સ બાળ-શિક્ષણ માટે અતિ આવશ્યક છે અને મને આજે બહુ આનંદ થયો છે મારા આનંદને હું વર્ણવી શકતી નથી. કલ્ચરલ ફોરમે સીંગદાણા અને ચણા આપ્યા તો જલારામ મહિલા મંડળે ખાંડ અને ચરાડાની બહેનોએ ઘી આપ્યું હતું.

## સ્વવ્યવસાય માટે

● અનુસંધાન પહેલાનું ચાલુ

બાળકોની તપાસણી કરી પાંચ વર્ષ સુધીના બાળકોમાં મોતિયો, ડાયાબીટિસ અને અન્ય બાળ રોગ સહિત મહારોગના બાળકો પણ શોધીને તેમની તબીબી સારવારના પગલાં લીધાં છે.

મહિલા અને બાળક વિકાસ રાજ્ય મંત્રીશ્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, નારી શક્તિથી સમાજ ઉજળો બને છે, સ્ત્રીઓનું ગૌરવ વધે અને તમામ ક્ષેત્રોમાં પ્રગતિ હાંસલ કરે તેવા ઉમદા આશયથી મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે રાજ્યની મહિલાઓ અને બાળકોનું સતત ચિંતન અને મનન કરીને મહિલા વિકાસ યોજનાઓ અમલીમાં મુકી છે. રાજ્યની ૫૦ ટકા મહિલા અને ૨૫ ટકા બાળકો માટે અનેક યોજનાઓ અમલી બનાવી છે. તેની સાથે સાથે બેટી ભણાવો-બેટી બચાવો જેવા સઘન કાર્યક્રમ અમલમાં મુક્યા છે.

જિલ્લા પંચાયત, ગાંધીનગરના પ્રમુખ શ્રીમતી હિનાબેન પટેલે સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા દીકરીના જન્મ પ્રસંગે રૂપિયા ૧૦૦નો બોન્ડ અપાશે.

ગાંધીનગરની ૫૪ જેટલી વિવિધ સંસ્થાઓની મહિલા પ્રતિનિધિઓએ મુખ્યમંત્રીશ્રીનું આંગણવાડીના બાળકો માટે ઉપયોગી ચીજવસ્તુઓ આપીને સન્માન કર્યુ હતું. નાની બાળકીએ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલને રક્ષા પોટલી બાંધી હતી.

આ પ્રસંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગુડા ચેરમેન શ્રી આશિષભાઈ દવે, મહિલા સુરક્ષા બોર્ડના ઉપાધ્યક્ષ શ્રીમતી જ્યોતિબેન વાછાણી, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદી, મહિલા બાળ વિકાસ વિભાગ અગ્ર સચિવ શ્રીમતી અનુરાધા મલ્લ, જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી કૌશિક ભીમજીયાણી સહિત વિશાળ સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી હતી.

## સભા યોજાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

૨૫મી ઓગસ્ટનાં રોજ યોજાવાની છે. આ રેલીમાં મોટી સંખ્યામાં પાટીદાર વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે તે માટે ૨૫મી ઓગસ્ટે તમામ કોલેજોમાં બંધનું એલાન જાહેર કરવામાં આવશે. આ માટે અંતિમ નિર્ણય કરવા માટે પટેલ વિદ્યાર્થી નેતાઓની બેઠક ગુજરાત યુનિવર્સિટી ખાતે ૧૩મી ઓગસ્ટનાં રોજ રાખવામાં આવી છે. જેમાં પાટીદાર વિદ્યાર્થી આગેવાનો સહિત અન્ય જ્ઞાતિમાંથી પણ પાટીદાર અનામત સમર્થકો હાજર રહેશે. ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલનને વિદ્યાર્થીઓનો મોટો સહયોગ મળી રહ્યો છે. ત્યારે આગામી દિવસોમાં આ વિદ્યાર્થી આંદોલન બની જાય તો પણ નવાઈ નથી.

## જોખમી વૃક્ષો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગરમાં નજર નાંખો ત્યાં હરિયાળા વૃક્ષો જોવા મળે છે. જો કે વિકાસના નવા આયામોના લીધે વૃક્ષોની કટોતી થતા હરિયાળીને નુકશાન થતુ હોવાનો પણ સુર ઉઠવા પામ્યો છે. ત્યારે ગત મહિનાના તોફાની વરસાદ બાદ ભયજનક માલુમ થતા વૃક્ષો પણ નાગરિકો માટે ચિંતાનુ કારણ બન્યા છે. ત્યારે શહેરમાં આવા નમી ગયેલા ભયજનક વૃક્ષો દુર કરવાનુ અનિવાર્ય થઈ પડયુ છે. તોફાની વરસાદના અંતે ધરાશાયી થયેલા વૃક્ષોના અભ્યાસના અંતે વન વિભાગે શહેરના માર્ગ નં-૫ અને અન્ય રોડ સાઈડના કેટલાક જોખમી વૃક્ષો દુર કરવાની વિચારણા હાથ ધરી છે. જો કે આ મામલે તંત્ર દ્વારા વિભાગ કક્ષાએથી જરૂરી મંજુરી લીધા બાદ જ યોગ્ય નિર્ણય લેવાશે.

## ૨૦૨૦ વૃક્ષો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે નમી પડેલા વૃક્ષો પણ યથાવત સ્થિતિમાં છે. વન વિભાગની ટીમ છેલ્લા ૧૫ દિવસથી વૃક્ષો દુર કરવાની કામગીરીમાં લાગી છે. વનતંત્રના સુત્રોના જણાંવ્યા અનુસાર ગત મહિનામાં ભારે વરસાદ દરમિયાન ધરાશાયી થયેલા વૃક્ષોનો આંક ૨૦૨૦ પહોંચ્યો છે. જયારે વૃક્ષો દુર કરવાની કામગીરી ચાલી રહી છે.પરંતુ આ કામ પૂર્ણ થતા હજુ પણ સમય લાગે તેમ છે. શહેરમાં પણ ઘણાં ઠેકાણે નમી પેડલા વૃક્ષો હજુ પણ યથાવત સ્થિતિમાં છે. નાગરિકોની ફરિયાદોનુ નિરાકરણ ન આવતુ હોવાનો આક્રોશ પણ દિનપ્રતિદિન પ્રબળ બની રહયો છે. વન વિભાગ દ્વારા શહેરમાં ભયજનક વૃક્ષો દુર કરવા પણ સર્વે હાથ ધરવામાં આવ્યો હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે.

## શિક્ષકોનું પરિણામ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિજ્ઞાન સહિતના વિષયની પરિક્ષાના અંતે સ્થળ પર જ પરિણામ આપી દેવાયુ હતુ. જેમાં ગુજરાતી વિષયમાં એક શિક્ષકને ૫૦ માંથી માત્ર ૨૬ ગુણ મળ્યા હતા. જયારે અન્ય વિષયમાં પણ શિક્ષકોએ ૩૫ થી ૪૮ જેટલા એવરેજ ગુણ પ્રાપ્ત કર્યા હતા. આ તબક્કે શિક્ષકોના એવરેજ પરિણામથી શિક્ષણ તંત્ર પણ બે ઘડી ગણગણાટ પ્રવર્તાયો હતો. સેકટર-૧૨ની સરકારી શાળામાં યોજાયેલા વર્કશોપ દરમિયાન જિલ્લા શિક્ષણાધિકારી સહિતના અધિકારીઓની હાજરીમાં શિક્ષકો પાસેથી નબળા પરિણામ માટેના કારણો જાણવામાં આવ્યા હતા. જયારે તે માટેના ઉપાયો પણ સુચવવામાં આવ્યા હતા.